**NRLP અંતર્ગત મહાસમાવેશક મહાસંમેલન માટે રિવોલ્વીંગ ફંડ તેમજ કમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ આપવા માટે ગ્રાંટ ફાળવવા બાબત-સને ૨૦૧૪-૧૫**

ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લીમીટેડ
ત્રીજો માળ, બ્લોક નં. ૧૮, ઉધોગ ભવન, ગાંધીનગર
નં. જીએલપીસી/એસએમઆઇબી/NRLP/૩૨૮૨૨વી/૩૮/૧૪
તારીખ :૭/૦૯/૨૦૧૪

**વંચાણે લીધા:-**

૧. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : આઇડીબી/૧૦૨૦૧૦/મિશન મંગલમ /૪૦૪ એસએફએસ/ ૨૧૯૪/ ખ-૧, તા. ૩૧/03/૨૦૧૦

૨. નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, દાહોદ પત્ર ક્રમાંક નં. ડીઆરડીએ /મિ.મં./૬૧૪/૨૦૧૪/ 03.૦૯.૨૦૧૪

૩. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, નર્મદાના પત્ર ક્રમાંક નં. જી.ગ્રા.વિ.એ./ મિશન મંગલમ/SM IB / વશી – ૩૧૯ થી ૩૨૦ તા. 03.૦૯.૨૦૧૪

૪. નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વડોદરાના પત્ર ક્રમાંક નં. ગવઅ/ મિશન મંગલમ/૧૯૧૧/૧૪ તા. 03.૦૯.૨૦૧૪

**કાર્યાલય આદેશ:**

રાજ્ય સરકાર દ્વારા ગરીબલક્ષી કાર્યક્રમોના પ્રચાર અને પ્રસાર માટે ગાંધીનગર ખાતે "મહાસમાવેશક મહાસંમેલન"નું આયોજન તા. ૧૫/૦૯/૨૦૧૪ના રોજ કરવામાં આવનાર છે. મિશન મંગલમ હેઠળ સ્વસહાય જુથોની રચના થયા બાદ આંતરિક બચત, આંતરિક ધિરાણ, રિવોલ્વીંગ ફંડ આપવામાં આવે છે અને બેંકો મારફતે માઇક્રો ફાઇનાન્સ માટે ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સ્વસહાય જૂથોની રચના બાદ ગ્રામ્ય કક્ષાએ ૧૦ થી ૧૨ જેટલા સ્વસહાય જૂથોથી ગ્રામ સંગઠન (Village Organization) ની રચના કરવામાં આવે છે અને ત્યાર બાદ કલસ્ટર લેવેલ ફેડરેશન, બ્લોક લેવેલ ફેડરેશન અને ડીસ્ટ્રીકટ લેવેલ ફેડરેશનની રચના કરવાની હોય છે. જે સંસ્થાઓ ગરીબ કુટુંબની બહેનોની બનેલી હોય છે.

સમગ્ર રાજયમાં સ્વસહાય જૂથોની રચના કર્યા બાદ ચાલુ નાણાંકિય વર્ષમાં ગ્રામ સંગઠનની રચના પણ હાથ ધરાયેલ છે. તે બાબતે ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. દ્વારા સખી સંઘ (ફેડરેશન) ની રચના માટેની માર્ગદર્શીકા તમામ સીનીયર જનરલ મેનેજર –વ- નિયામકશ્રીને મોકલેલ છે. જે અંતર્ગત રચાયેલ ગ્રામ સંગઠનોને કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ આપવામાં આવી રહ્યુ છે.

૨૦૬૧
૭/૧/૧૪

ઉપરોકત હેતુ માટે સંદર્ભ દર્શિત પત્ર (૨), (૩) અને (૪) મારફતે સીનીયર જનરલ મેનેજર –વ – નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, દાહોદ, નર્મદા, અને વડોદરા દ્વારા નીચે પત્રકમાં દશાવ્યા મુજબ રિવોલ્વીંગ ફંડ તેમજ કમ્યુનીટી ઇન્વેસ્ટમેંટ ફંડની ગ્રાંટ ફાળવવાની માગણી કરેલ છે.

| રિવોલ્વીંગ ફંડ અને કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ માટેની ગ્રાંટ દર્શાવતુ પત્રક | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અનું. ક્ર | નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નું નામ | રિવોલ્વીંગ ફંડ માટેની કુલ ગ્રાંટ (રૂ. લાખમાં) | કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ માટેની કુલ ગ્રાંટ (રૂ.લાખમાં) | કુલ ગ્રાંટ (રૂ. લાખમાં) | એકાઉન્ટ નં. | બેંકનું નામ |
| ૧ | દાહોદ | ૨૪,00,000 | 30,00,000 | ૫૪,00,000 | 0૧૮૪0૧000૩૨0૭૫ | બેંક ઓફ બરોડા, દાહોદ |
| ૨ | નર્મદા | ૧0,00,000 | ૭0,00,000 | ૮0,00,000 | 0૨૨૩0૧000૨૪૮૭૫ | બેંક ઓફ બરોડા, નર્મદા |
| 3 | વડોદરા | 0 | ૭0,00,000 | ૭0,00,000 | ૧૬૯૮0૧000૨0૭૩0 | બેંક ઓફ બરોડા, વડોદરા |
| કુલ (રૂ. લાખમાં) | | ૩૪,00,000 (ચોત્રીસ લાખ પુરા) | ૧,૭0,00,000 (એક કરોડ સીતેર લાખ પુરા ) | ૨,0૪,00,000 (બે કરોડ ચાર લાખ પુરા) | | |

આમ ઉપર દર્શાવેલ પત્રક મુજબ રૂ. ૨,0૪,00,000/- (અંકે રૂ. બે કરોડ ચાર લાખ પુરા) મેનેજીંગ ડીરેકટર, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી.ના ખાતા નં. ૨૪૬૪0૧000૧૩૫૫૨ બેંક ઓફ બરોડા, વિધાનસભા શાખા, ગાંધીનગરમાંથી સીનીયર જનરલ મેનેજર –વ – નિયામકશ્રીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,ને ઉપર પત્રકમાં દર્શાવ્યા મુજબ NRLPના ખાતામાં NEFT / RTGS થી તબદીલ કરવા આથી આદેશ કરવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ સને ૨૦૧૪-૧૫ વર્ષના ગુજરાત લાઇવલીહુડ પમોશન કંપની લીમીટેડના NRLPના વાર્ષિક કાર્ય આયોજનના સોશીયલ મોબીલાઇજેશન વર્ટીકલ સદરે ઉધારવાના રહેશે.

<u>શરતો:</u>

૧. આ અંગેના ખર્ચના હિસાબો અલગ રાખવાના રહેશે.

૨. આ અંગેના ખર્ચના ગ્રાંટ વપરાશના પ્રમાણપત્ર (યુ.ટી.સી.) સમયસર અત્રેની કચેરીને મોકલી આપવાના રહેશે.

૩. કમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ SC અને ST સભ્યો માટે નિયમોનુસાર ૧૦ ટકા અને ૨૦ ટકા પ્રમાણે જળવાય તેની ખાતરી કરવી તેમજ તેમનો ખર્ચ SC સભ્યો માટેનો ખર્ચ SCP -95 અને ST સભ્યોનો ખર્ચ TASP -96 અંતર્ગત ઉધારવાનો રહેશે.

૪. કમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ આપ્યાની વિગતવાર નોંધ રાખવાની રહેશે અને ઠરાવમાં સુચવ્યા મુજબ આપવાનું રહેશે.

૫. ઉપરોકત ફાળવેલ ગ્રાંટનો વર્ષ ૨૦૧૪-૧૫માં ખર્ચ કરવાનો રહેશે.

મેનેજીંગ ડીરેકટર
ગુજરાત લાઇવલીહુડ પ્રોમોશન કંપની લી.
ગાંધીનગર

પ્રતિ
જનરલ મેનેજરશ્રી (એકા & ફાઇનાન્સ),
ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી. ગાંધીનગર

<u>નકલ રવાના:</u>

૧. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, દાહોદ, નર્મદા અને વડોદરા

૨. સીનીયર જનરલ મેનેજર –વ- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,દાહોદ, નર્મદા અને વડોદરા

૩. ડીસ્ટ્રીકટ લાઇવલીહુડ મેનેજરશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,દાહોદ, નર્મદા અને વડોદરા